**Enrollment No: ______________________ Exam Seat No:______________________**

# C.U.SHAH UNIVERSITY

## Summer Examination-2018

**Subject Name : Company Accounts-I**

**Subject Code : 4CO03COA1** **Branch: B.Com (Gujarati)**

**Semester : 3** **Date : 02/04/2018** **Time : 02:30 To 05:30** **Marks : 70**

Instructions:

(1) Use of Programmable calculator & any other electronic instrument is prohibited.
(2) Instructions written on main answer book are strictly to be obeyed.
(3) Draw neat diagrams and figures (if necessary) at right places.
(4) Assume suitable data if needed.

---

**Q-1** **Attempt the following questions:** **(14)**

**a)** બોનસ કંપનીના ચાલુ શેરહોલ્ડરોને 1

(a) રોકડમાં આપવામાં આવે છે. (b) ડિબેંચર સ્વરૂપે આપવામાં આવે છે.

(c) શેર સ્વરૂપે આપવામાં આવે છે. (d) એક પણ નહી.

**b)** હકના શેર એટલે એવા શેર કે જે- 1

(a) કંપનીના ડિરેક્ટરોને માટે બહાર પાડવામાં આવે

(b) કંપનીના ડિબેંચરહોલ્ડરોને પ્રથમ આપવામાં આવે

(c) કંપનીના શેરહોલ્ડરોને પ્રથમ આપવામાં આવે

(d) નવી સ્થપાયેલ કંપનીએ બહાર પાડેલ હોય

**c)** જો પ્રેફરન્સ શેરોને પ્રીમિયમે પરત કરવામાં આવે તો આ પ્રીમિયમની રકમની જોગવાઇ- 1

(a) જામીનગીરી પ્રીમિયમ ખાતામાંથી (b) નવા બહાર પાડેલા શેરોની રકમમાંથી

(c) શેર જપ્તી ખાતામાંથી (d) રોકાણો ના વેચાણ પર નફામાંથી

**d)** બેંક ઓવરડ્રાફ્ટ કંપનીના પાકા સરવૈયામાં નીચેના મથાળા હેઠળ દર્શાવાશે 1

(a) તારણવાળી લોન (b) ચાલુદેવાં અને જોગવાઇઓ

(c) તારણવગરની લોન (d) શેર જપ્તી ખાતામાંથી બાદ

**e)** પાકા સરવૈયામાં બાકી હપ્તાની રકમ દર્શાવાશે- 1

(a) મંગાવેલી મૂડીમાંથી રકમ બાદ કરીને

(b) અનામત અને વધારાના શીર્ષક હેઠળ

(c) મૂડીઅનામત માંથી રકમ બાદ કરીને

(d) શેર જપ્તી ખાતાની બાકી માંથી બાદ કરીને

**f)** ‘અનામત મૂડી’ એ...................... 1

(a) નહીં બહાર પાડેલી મૂડી છે. (b) એક પ્રકારનું અનામત ભંડોળ છે.

(c) નહીં મંગાવેલી મૂડી છે. (d) એક પણ નહી.

**g)** બાયંધરી કમિશન ખાતુ બંધ કરીને તેની બાકી ક્યા ખાતે લઇ જવામાં આવે છે? 1

(a) બેંક ખાતે (b) ન. નુ. ખાતે

(c) અનામત ખાતે (d) બાયંધરીદલાલ ખાતે

**h)** ભારતીય હિસાબી ધોરણ નં- ૧૨ નું શીર્ષક .................. છે. 1

(a) સરકારી હિસાબો (b) સરકારી મિલકતોના હિસાબો

(c) બિન-સરકારી આવકો (d) સરકારી અનુદાન અંગેના હિસાબો

**i)** "રોકાણો અંગેના હિસાબો" ક્યા ભારતીય હિસાબી ધોરણ હેઠળ આવે? 1

(a) ભારતીય હિસાબી ધોરણ નં- ૧૪ (b) ભારતીય હિસાબી ધોરણ નં- ૧૧

(c) ભારતીય હિસાબી ધોરણ નં- ૧૫ (d) ભારતીય હિસાબી ધોરણ નં- ૧૩

**j)** સેબીના માર્ગદર્શન મુજબ, કોને બાયંધરી કરારની નકલ આપવામાં આવે છે? 1

(a) સ્ટોક એક્સચેન્જને (b) કંપનીને

(c) શેર હોલ્ડરર્સને (d) ડિબેન્ચર હોલ્ડરર્સને

**k)** ભારતીય હિસાબી ધોરણ નં- ૧૧ નું શીર્ષક .................. છે. 1

(a) વિદેશી હૂંડિયામણ દરમાં ફેરફારોની અસર અંગેના હિસાબો

(b) વિદેશી ચલણ રૂપાંતરના હિસાબો

(c) આંતર રાષ્ટ્રિય વિનિમય દરના હિસાબો

(d) વિદેશી શાખાના હિસાબો

**l)** મૂડી ઘટાડા નું મુખ્ય કારણ ----------- છે. 1

(a) પાઘડી ની નીચી કિંમત (b) વધુ મૂડીકરણ

(c) ઓછૂ મૂડીકરણ (d) એક પણ નહી

**m**. મૂડી ઘટાડામાં કોને ત્યાગ આપવો પડે છે. 1

(a) ઇક્વિટી શેરહોલ્ડર (b) પ્રેફરન્સ શેરહોલ્ડર

(c) લેણદારો (d) જરૂરીયાત મુજબ બધાજ

**n)** અદ્રશ્ય મિલકત ના ઉદાહરણ આપો. (કોઈ પણ બે) 1

**Attempt any four questions from Q-2 to Q-8**

**Q-2** **Attempt all questions** **(14)**

**(A)** મૂડી ઘટાડા માટેના કારણો જણાવો. 7

**(B)** મૂડી ઘટાડા માટેની કંપની ધારાની જોગવાઈઓ જણાવો. 7

**Q-3** **Attempt all questions** **(14)**

**(A)** X કંપની લિ. નું તા. 31-3-2017 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે: 7

| જવાબદારીઓ | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| ૮૦,૦૦૦ ઇક્વિટી શેર દરેક રૂ. ૧૦નો | ૮,૦૦,૦૦૦ | સ્થિર મિલકતો<br>ચાલુ મિલકતો | ૧૨,૦૦,૦૦૦<br>૬,૮૦,૦૦૦ |

| | | | |
|---|---|---|---|
| મૂડી પરત અનામત | ૧,૫૦,૦૦૦ | | |
| જામીનગીરી પ્રીમિયમ | ૧,૫૦,૦૦૦ | | |
| વિકાસ વળતર અનામત | ૨,૩૦,૦૦૦ | | |
| રોકાણ અનામત | ૨,૫૦,૦૦૦ | | |
| સામાન્ય અનામત | ૩,૦૦,૦૦૦ | | |
| | ૧૮,૮૦,૦૦૦ | | ૧૮,૮૦,૦૦૦ |

કંપનીએ પોતાના શેરહોલ્ડરોને બે શેરદીઠ એક શેર બોનસ શેર આપવાનું ઠરાવ્યું આ માટે જરૂરી કાયદાકીય જોગવાઇઓ પૂર્ણ કરવામાં આવી. X લી. ના ચોપડે જરૂરી આમનોંધ આપો અને પાકું સરવૈયું બનાવો.

**(B)** બોનસ શેરના ફાયદા અને ગેરફાયદા જણાવો. 7

**Q-4** **Attempt all questions** **(14)**

**(A)** અ કંપની લિ. નું તા. 31-3-2017 ના રોજનું પાકું સરવૈયું નીચે મુજબ છે: 14

| જવાબદારીઓ | રૂ. | મિલકતો | રૂ. |
|---|---|---|---|
| ૧,૨૦,૦૦૦ ઇક્વિટી શેર દરેક રૂ. ૧૦નો | ૧૨,૦૦,૦૦૦ | સ્થિર મિલકતો | ૧૫,૨૦,૦૦૦ |
| ૫૦૦૦,૧૫%ના રિડીમેબલ પ્રેફરન્સ શેર દરેક રૂ. ૧૦૦ શેરદીઠ રૂ, ૯૦ ભરાયેલા | ૪,૫૦,૦૦૦ | રોકાણો | ૨,૭૫,૦૦૦ |
| સામાન્ય અનામત | ૨,૨૫,૦૦૦ | બેંક સિલક | ૨,૦૦,૦૦૦ |
| જામીનગીરી પ્રીમિયમ | ૩૦,૦૦૦ | ચાલુ મિલકતો | ૨,૨૫,૦૦૦ |
| નફાનુકસાન ખાતું | ૧,૪૦,૦૦૦ | | |
| લેણદારો | ૧,૭૫,૦૦૦ | | |
| | ૨૨,૨૦,૦૦૦ | | ૨૨,૨૦,૦૦૦ |

કંપનીધારાની જોગવાઇઓનું પાલન કર્યા બાદ રિડી. પ્રેફરન્સ શેર ૧૦% પ્રીમિયમે પરત કરવાના છે. નવી બેંક સિલક રૂ. ૧ ,૭૦,૦૦૦ રાખવાની છે. બધા રોકાણો રૂ.૨ ,૫૦,૦૦૦માં વેચવામાં આવ્યાં . કંપનીએ જરૂરી સંખ્યામાં દરેક રૂ. ૧૦૦નો એક એવા ઇક્વિટી શેર ૧૦% ના પ્રીમિયમે બહાર પાડવાનું સ્વીકાર્યું. બધાજ શેર પૂરા ભરપાઇ થઇ ગયા. અ કંપની લિ.ના ચોપડે આમનોંધ લખો.

**Q-5** **Attempt all questions** **(14)**

**(A)** વાર્ષિક હિસાબના પરિશિષ્ટો વિગતે સમજાવો. 7

**(B)** XYZ લિ. નું તા. 31-3-2017 ના રોજ પાકુ સરવૈયુ: 7

| જવાબદારી | રૂ. | મિલકત | રૂ. |
|---|---|---|---|
| શેર મૂડી : | | કાયમી મિલકત | ૩,૬૦,૦૦૦ |
| ઇક્વિટી શેર દરેક રૂ. ૧૦ નો | ૧,૪૦,૦૦૦ | ચાલુ મિલકત | ૬,૪૦,૦૦૦ |
| ૧૩% ક્યું. પ્રેફ. શેર દરેક રૂ. ૧૦૦નો | ૨૦,૦૦૦ | ન-નુ ખાતું | ૬૦,૦૦૦ |
| ૮% ડિબેન્ચર | ૬૦,૦૦૦ | | |
| ચાલુ જવાબદારી | ૮,૪૦,૦૦ | | |

| | | | |
|---|---|---|---|
| | ૧૦,૬૦,૦૦૦ | | ૧૦,૬૦,૦૦૦ |

મૂડી ઘટાડાની નીચેની યોજના અદાલતે મંજૂર કરી.

(1) બધા હાલના ઇક્વિટી શેર ઘટાડીને રૂ. ૪ના કરવાના છે.

(2) બધા હાલના પ્રેફરન્સ શેર ઘટાડીને રૂ. ૬૦ના કરવાના છે.

(3) કાયમી મિલકતો 33 1/3% જેટલી માંડી વાળવી.

(4) ચાલુ મિલકતોની કિંમત રૂ. ૫,૩૩,૦૦૦ ગણવી.

(5) ડિબેન્ચર હોલ્ડરોને તેમણે ધારણ કરેલ દરેક રૂ. ૧૦૦ નો એક એવા ડિબેન્ચરને બદલે રૂ. ૭૫નો એક એવા નવા તેટલીજ સંખ્યાના ડિબેન્ચર આપવાં.

(6) એક લેણદાર જેની કંપનીએ રૂ. ૫,૦૦,૦૦૦ ચૂકવવાના છે, તે પોતાની લેણી રકમના ૪૦% જતા કરે છે. બાકીના લેણાની અંશતઃ ચુકવણી પેટે તેમને રૂ. ૪નો એક એવા ૨૫,૦૦૦ ઇક્વિટી શેર આપવાના છે.

આમનોંધ આપો અને પાકું સરવૈયું તૈયાર કરો.

**Q-6** **Attempt all questions** **(14)**

**(A)** બ લિમિટેડે રૂ. ૧૦નો એક એવા ૨૦ ,૦૦૦ શેર બહાર પાડ્યા. જે અંગે દલાલોએ નીચે મુજબ બાયંધરી આપી છે. 14

X: ૧૨,૦૦૦, શેર Y: ૫,૦૦૦ શેર, Z: ૩,૦૦૦ શેર

તે ઉપરાંત ત્રણેએ નીચે મુજબ નિશ્ચિત બાંયધરી આપી છે:

X: ૧,૬૦૦, શેર Y: ૯૦૦ શેર, Z: ૨,૦૦૦ શેર.

કંપનીને નિશ્ચિત બાંયધરી સહિત કુલ ૧૫ ,૦૦૦ શેર માટે અરજી મળી , જેમાં ત્રણે દલાલોના સિક્કાવાળા શેર નીચે મુજબ હતા :

X: ૨,૦૦૦, શેર Y: 4,૦૦૦ શેર, Z: ૧,૦૦૦ શેર.

દરેક બાંયધરી દલાલની જવાબદારી નક્કી કરો :

(અ) જો દલાલોને નિશ્ચિત બાંયધરી અંગે કોઈ રકમ જમા ન મળે.

(બ) જો દલાલોને નિશ્ચિત બાંયધરી અંગે રકમ જમા મળે.

**Q-7** **Attempt all questions** **(14)**

**(A)** બાયંધરી કમિશનના હિસાબોમાં કંપનીના ચોપડે કઇ કઇ આમનોંધ પસાર કરવામાં આવે છે? (ફક્ત આમનોંધ લખો) **7**

**(B)** શેર બાયંધરીની જોગવાઇઓ અને ફાયદાઓ જણાવો. **7**

**Q-8** **Attempt all questions** **(14)**

**(A)** સંયોજનના બે સ્વરૂપો સમજાવો. **7**

**(B)** કર્મચારીના ટુંકા ગાળાના લાભો અને લાંબા ગાળાના લાભો જણાવો. **7**